ગાંધીનગર સમાચાર

## ડીસામાં ૧૩ ઉમેદવારો મેદાનમાં

# ૯ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો પાછા ખેચ્યા

### અપક્ષ ઉમેદવાર હાથીભાઈ વાઘેલાએ ભાજપ ઉમેદવારને જાહેરમાં ટેકો આપી ફોર્મ પરત ખેંચ્યું

ડીસા, તા. ૩

ડીસા ૧૩ વિધાનસભા સીટ પર ચુંટણી લડવા ઈચ્છુક ૨૪ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. જે પૈકીના સમાજવાદી પાર્ટી અને અન્ય એક અપક્ષનું ઉમેદવારી પત્રો ટેકેદારો અને મતદાર મથકની વિગતોમાં વિસંગતતા આવતા આ બંન્ને ઉમેદવારોના ઉમેદવારી પત્રો રદ થયા હતાં. જેમાં આજરોજ ઉમેદવારી પત્રો પરત ખેંચવાના આખરી દીવશે અન્ય ૯ ઉમેદવારોએ પણ પોતાના ઉમેદવારી પત્રો પરત ખેંચતા ડીસા બેઠક માટે ૧૩ ઉમેદવારો હાલ ચુંટણી લડી રહ્યા છે. જેમાં નગરપાલીકા ચુંટણીમાં ટીકીટ મામલે ભાજપથી નારાજ થયેલ જુના ભાજપી નેતા હાથીભાઈ વાઘેલાએ પોતાનું ઉમેદવારી પત્ર પરત ખેંચી ભાજપના ઉમેદવારને જાહેરમાં ટેકો જાહેર કરતાં નવા રાજકીય સમી કરણો બનેલ છે.

આ અંગે મળતી માહીતી જોતા ડીસા વિધાનસભા બેઠક માટે આજે ઉમેદવારી પત્રો પરત ખેંચવાની અંતીમ તારીખે ૯ અપક્ષ સભ્યોએ પોતાના ઉમેદવારી પત્રો પરત ખેંચ્યા હતાં. જેથી હાલની તાજા સ્થીતીએ ડીસા બેઠક માટે ૧૩ ઉમેદવારો ચુંટણી લડી રહ્યા છે. જેમાં મુખ્ય રાજકીય પક્ષોમાં જોષી રાજેન્દ્રકુમાર ધુડાલાલ (કોગ્રેસ) પરમાર ઈશ્વરભાઈ રવજીભાઈ (બહુજન સમાજ પાર્ટી) લીલાધરભાઈ ખોડાભાઈ વાઘેલા (ભાજપ) ડાભી શર્મીષ્ઠાબેન લાલજીભાઈ (લોકજન શક્તિ પાર્ટી) રાનેરા અજમલજી નાથુજી (ગુજરાત પરીવર્તન પાર્ટી) શાહ મિનાબેન સુબોધભાઈ (રીપબ્લીકન પાર્ટી) માંથી ચુંટણી લડી રહ્યા છે. જ્યારે અપક્ષ ઉમેદવારોમાં ઓડ ધનરાજભાઈ કરશનભાઈ, છત્રાલીયા શાંતીભાઈ ઈશ્વરભાઈ, ઠાકોર રમણભાઈ સરદારજી, ભરતજી ધનાજી સોલંકી, ભરતીયા ગીરીશચંદ્ર લક્ષ્મીચંદ્ર, માળી મંગળજી મદરૂપજી તથા હડીયા ભુરાભાઈ વિહાભાઈ પણ ડીસા બેઠક માટે અપક્ષ ઉમેદવારો તરીકે ચુંટણી જંગમાં છે. જેમા આજરોજ ડીસા નગરપાલિકામાં કોર્પોરેટરની ચુંટણીમાં ટીકીટથી વંચીત રહેલ હાથીભાઈ વાઘેલાએ ડીસા બેઠક માટે ભરેલ ઉમેદવારી પત્ર ભાજપના લીલાધરભાઈ વાઘેલાના ટેકામાં પરત ખેંચ્યું હતું. અને વિધીસર અન્ય ભાજપી વિચારસણીવાળા કોર્પોરેટર પ્રસાંતભાઈ માળી, મનુભાઈ માળી તેમજ દરજી સમાજના આગેવાનો તથા જમીન દલાલ એશોશીએસન સભ્યો સાથે ભાજપમાં પુનઃ જોડાયા હતાં. જેનાંથી ભાજપ ઉમેદવાર છાવણીમાં આનંદ જોવા મળ્યો હતો.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# દેવરાસણ પાસે માર્ગ અકસ્માતમાં પાંચના કરૂણ મોત

મહેસાણા, તા.૩

ગઈ રાત્રે મહેસાણા નજીક મહેસાણા-વિજાપુર હાઈવે પર દેવરાસણ પાસે ટર્બો ટ્રક અને દૂધ સાગર ડેરીના પાણીના ટેન્કર જોરદાર ધડાકા સાથે અથડાતાં સર્જાયેલ ગોઝારા અકસ્માતમાં બંને વાહનોના ચાલકો સહિત પાંચ વ્યકિતઓના કરૂણ મોત નિપજયા હતાં જયારે બે વ્યકિતઓને ગંભીર ઈજાઓ થતાં તેઓને હોસ્પિટલ ખસેડાયા હતા. આ અકસ્માત એટલો ગંભીર હતો કે બંને વાહનોને છૂટા પાડવા માટે ક્રેનોની મદદ લેવાની ફરજ પડી હતી.

વિગત એવી છે કે, મહેસાણા-વિજાપુર હાઈવે પર મહેસાણાથી ચારેક કિમી દૂર રાત્રિના સાડા નવ વાગ્યાના સુમારે મહેસાણા દૂધ સાગર ડેરીનું પાણીનું ટેન્કર નં. જીજે-૨-ઝેડ-૩૬૧૮ વિજાપુર તરફ જઈ રહ્યું હતું ત્યારે દેવરાસણ જવાના માર્ગે સામેથી આવી રહેલ ટર્બો ટ્રક નં. જીજે-૧૧ એટી ૭૬૨૦નું ટાયર ફાટયું હતું. જેથી ટેન્કર અને ટર્બો ટ્રકમાં બેઠેલ ત્રણ વ્યકિતઓ અને બંને વાહનોના બે ચાલકો સહિત પાંચ જણાઓના કરૂણ મોત નિપજયા હતા. મૃતકોમાં પ્રહલાદજી કચરાજી ઠાકોર, બાલુજી રામાજી ઠાકોર અને તખુજી કચરાજી ઠાકોર તમામ રહે. વસાઈ તા. વિજાપુર તથા ઈજાગ્રસ્તો રજુજી સોમાજી ઠાકોર અને કુંવરજી કચરાજી ઠાકોર ટેન્કરમાં બેસીને જઈ રહ્યા હતા ત્યારે તેઓ અકસ્માતનો ભોગ બન્યા હતા. આ અકસ્માતમાં બંને વાહનો સામ સામે ધડાકાભેર અથડાતાં વાહનોને છૂટા કરવા માટે રાત્રે ક્રેનોની મદદ લેવી પડી હતી. આ ગોઝારા અકસ્માતની જાણ થતાં નજીકમાં લોકો દોડી આવ્યા હતા અને બચાવની કામગીરી આરંભી હતી. બનાવની જાણ થતાં મહેસાણા તાલુકા પોલીસ પણ દોડી આવી હતી અને ઈજાગ્રસ્તોને વાહનોમાંથી બહાર કાઢી સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતાં. વસાઈ ઠાકોર સમાજના ત્રણ વ્યકિતઓના અકાળે કરૂણ મોત થતા તેમના પરીવારજનો સહિત ગામમાં શોકની કાલિમા છવાઈ ગઈ હતી.

## સમાચાર ઝલક

- મુરાદાબાદની રાષ્ટ્રીયકૃત બેંકના બે ઓફિસરોને જેલ.
- આકાશ એજ્યુકેશનએ ગુજરાતમાં પોતાના સેન્ટરોની સ્થાપના કરી.
- કર્ણાટકના પૂર્વ મંત્રી શ્રી જનાર્દન રેડ્ડી જેલમાં રહીને વિધાનસભા ચૂંટણી લડશે.
- જયપુરમાં જાન્યુઆરીમાં કોંગ્રેસની ચિંતન શિબિર.
- ૬૫% માતા-પિતા પોતાના બાળકોને માર મારે છે : એક સર્વેનો અહેવાલ.
- ડિપ્રેશન સામે લડવામાં રોજ એસ્પિરીનની દવા મદદરૂપ થાય છે : સર્વેનું તારણ.
- અમેરિકામાં આર્થિક મંદીની અસર બાળ જન્મદર પર થઇ.
- ચૂંટણીપંચનો વ્યૂહ, પાડોશી રાજ્યમાંથી દારૂ-મસલ પાવરને પ્રવેશવા નહી દેવાય, ગુજરાતની સરહદ સીલ કરાઇ.
- હવે તમાકુનાં પાન સામે પ્રતિબંધ આવશે.
- એલ.પી.જી. કે વાયસી ફોર્મ ૩૧મી સુધી ભરી શકાશે.
- પાંચ કરોડ ઇપીએફ ખાતેદારો ખાતાની વિગતો હવે ઓનલાઇન મેળવી શકશે.
- ભારતીય મોડેલ ધરાવતી જાહેરાતો પર પ્રતિબંધ મુકો : પાકિસ્તાની સંસદમાં માંગણી.
- ગુજરાતની ચૂંટણીમાં અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ થશે.
- રણપ્રદેશ દુબઇ-શારજાહમાં ભારે વરસાદ.

## મુંબઈની કલા ગુર્જરી સંસ્થા દ્વારા જાણીતા કવિ ડાહ્યાભાઈ પટેલને પારિતોષિક સન્માન અપાયું

ઊંઝા, તા.૩

વિસનગર તાલુકાના કડા ગામના વતની અને માસૂમના ઉપનામથી જાણીતા કવિ ડાહ્યાભાઈ પટેલ ગુજરાતી સાહિત્ય જગતમાં ખુબ મોટું નામ ધરાવે છે. મૂળે કવિતાના માણસ એવા માસુમનું વાર્તાક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રદાન છે. ગુજરાતના જાણીતા પ્રકાશ ડિવાઈન પબ્લિકેશન્સ દ્વારા પ્રગટ થયેલા એમના વાર્તાસંગ્રહ ઝાપટાબંધ વરસતો વરસાદને તાજેતરમાં જ મુંબઈની પ્રતિષ્ઠિત સાહિત્ય સંસ્થા કલાગુર્જરી તરફથી વર્ષ ૨૦૧૧નું પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું છે.

અગાઉ ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ તરફથી પ્રગટ થયેલા એમના પ્રથમ કાવ્યસંગ્રહ અક્ષરનાં ચિતરામણને પણ મુંબઈની આ જ સંસ્થા દ્વારા વર્ષ



૨૦૦૦ના શ્રેષ્ઠ કાવ્યસંગ્રહ તરીકે પુરસ્કારવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૦૯માં પ્રગટ થયેલો તેમનો બીજો કાવ્યસંગ્રહ તને કોના દઉં હું સમ પણ ગુજરાતી વાચકો, ભાવકો અને વિવેચકો દ્વારા ખૂબ જ પ્રશંસા પામ્યો છે. તેઓ ગુજરાતની સો વર્ષ જૂની સાહિત્ય સંસ્થા ગુજરાતી સાહિત્ય પરિષદના ચૂંટાયેલા સભ્ય છે અને પરિષદની મધ્યસ્થ સમિતિ તેમજ પ્રકાશન સમિતિમાં, હોદ્દાની રૂએ, કારોબારી સભ્ય તરીકે પોતાની નિઃસ્વાર્થ સેવાઓ આપી રહ્યા છે.

કવિતા અને વાર્તા ક્ષેત્રે પોતાનું ખમીર બતાવી ચૂકેલા માસુમ હવે નવલકથા ક્ષેત્રે પણ પોતાનું પ્રદાન નોંધાવવા અગ્રેસર થઈ રહ્યા છે. ટૂંક સમયમાં જ એમની દળદાર નવલકથા એન, ધેન, દેવાધેન પણ પ્રગટ થનાર છે. જેના થકી ગુજરાતી સાહિત્ય જગતમાં તેઓ એક નોંધપાત્ર નવલકથાકાર તરીકેનું સ્થાન પણ પ્રાપ્ત કરી શકશે.

## ડીસાના ઈન્દીરા નગર વિસ્તારમાં પરણિતાએ ગળે ફાંસો ખાઈ કરી આત્મ હત્યા

ડીસા, તા. ૩

ડીસાના ઈન્દીરાનગર વિસ્તારમાં આજે સવારે સાડા દસ વાગ્યાના સુમારે એક પરણીતાએ કોઈ અગમ્ય કારણો સર ગળે ફાંસો ખાઈ આત્મ હત્યા કરી હતી. આ મામલે પરણીતાના પતીની જાહેરાતના આધારે ડીસા શહેર પોલીસે આ મામલે અકસ્માતે મોતને ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

આ અંગેની મળતી માહીતી જોતા ડીસાના ઈન્દીરાનગર વિસ્તારમાં રહેતા શ્રમજીવી રમેશભાઈ રૂગનાથજી માળીના લગ્ન આશરે પાંચ વર્ષ, પહેલા શીતલબેન માળી સાથે સમાજના રીતી રીવાજ મુજબ થયા હતાં. જેમાં પાંચ વર્ષના લગ્ન જીવન દરમીયાન શીતલબેનને એક પુત્ર તેમજ એક પુત્રી સંતાન થયા હતાં. જેમાં આજે સવારે સાડા દસ વાગ્યા આશપાસ શીતલબેન માળીએ ઈન્દીરાનગર ખાતેના તેમના ઘેર પતીની ગેર હાજરીમાં ગળેદુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આત્મહત્યા કરતા સમગ્ર વિસ્તારમાં સંન્નાટો મચ્યો હતો. જે બાદ આ મામલાની મૃતક પરીણીતા શીતલબેન માળીના પતી રમેશભાઈ માળીને થતા તેઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતાં. જે બાદ આ મામલે પતી રમેશભાઈ રૂગનાથભાઈ માળીએ ડીસા શહેર પોલીસ મથકે પહોંચી મામલાની જાણ કરી હતી. આ મામલે શહેર પોલીસ મથક પી.એસ.આઈ. એ.કે. ગઢવીએ સી.આર.પી.સી. કલમ ૧૭૪ મુજબ ધોરણ સર તપાસ હાથ ધરી હતી.

## પ્રાંતિજમાં ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થતા ૧૦ ઉમેદવારો વચ્ચે ચૂંટણીજંગ ખેલાશે

પ્રાંતિજ, તા. ૩

આજે ૩જી ડિસેમ્બરના રોજ ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ૩૩ પ્રાંતિજ વિધાનસભાની બેઠક પરથી ૩ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેતા હવે ભાજપ-કોંગ્રેસ સહિતના કુલ ૧૦ ઉમેદવાર વચ્ચે ખરાખરીનો ચૂંટણી જંગ જામશે.

પ્રાંતિજ વિધાનસભા બેઠક પર અંતે હવે બન્ને પક્ષોના ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ છે. પક્ષોના ઉમેદવારો વચ્ચે ખરાખરીનો જંગ ખેલાશે ઉમેદવારોએ પક્ષના કાર્યકરો અને ટેકેદારો સાથે વિવિધ સ્થળોએ કાર્યાલયો ખુલ્લા મુકી ડોર-ટુ ડોર પ્રચાર ચાલુ કર્યા છે અને મતદારોને રીઝવવા તમામ પ્રકારના કાવાદાવા શરૂ કરી દીધા છે ત્યારે જોવાનું રહેશે કે મતદારો કોની ઉપર જીતનો સહેરો બાંધશે.

## સાબરકાંઠા જિલ્લામાં ચૂંટણીના સંદર્ભમાં પોલીસ ઓબ્ઝર્વ તરીકે અરૂણદેવ ગૌતમની નિમણૂંક

હિંમતનગર, તા. ૩

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૨ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં આગામી ૧૭ ડિસેમ્બહર યોજાનાર મતદાન તથા સમગ્ર જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયા ન્યાયી અને મુક્ત વાતાવરણમાં યોજાય તે માટે દેખરેખ રાખવા ભારતના ચૂંટણી પંચ નવી દિલ્હી તરફથી ચૂંટણી નિરીક્ષકશ્રીની નિમણુંક કરવામાં આવેલ છે. જે અન્વયે પોલીસ ઓબ્ઝર્વર તરીકે શ્રી અરૂણદેવ ગૌતમની (આઈ.પી.એસ.) સાબરકાંઠા જિલ્લાની તમામ વિધાનસભા મતદાર વિસ્તારની દેખરેખ રાખશે.

જેથી સાબરકાંઠા જિલ્લામાં ચૂંટણી સબંધી કોઈપણ કામ માટે રાજકીય પક્ષના પ્રતિનિધિશ્રીઓ તથા મતદારો આ પોલીસ ઓબ્ઝર્વરશ્રીનો મોબાઈલ નંબર ૮૪૬૯૫૨૭૦૪૨ તથા (૦૨૭૭૨) ૨૪૯૩૦૨ ઉપર સંપર્ક કરી શકશે. અને જાહેર જનતા ઓબ્ઝર્વરશ્રીને નવા સર્કીટહાઉસ, હિંમતનગર ખાતે ૧૫.૦૦ થી ૧૭.૦૦ કલાક દરમિયાન મળી શકશે.

## ધાનેરામાં ભાજપ ધારાસભ્ય મફતલાલ પુરોહીત વિરૂધ્ધ મીડીયા કર્મીઓએ મૌન રેલી યોજી

### નાયબ કલેક્ટરને આપ્યું આવેદન પત્ર

ડીસા, તા. ૩

ધાનેરામાં ભાજપનાં ઉમેદવાર વસંતભાઈ પુરોહીત દ્વારા ગત ૩૦મી નવેમ્બરના રોજ ચુંટણી સંદર્ભે ધાનેરા ખાતે એક જાહેર સભા યોજાઇ હતી. જેમાં જાહેર મંચ પરથી સીટીંગ ધારાસભ્ય મફતલાલ પુરોહીતે કોઈ પુરોહીતની ચુંટણી સબંધી જાહેર સભા યોજાઇ હતી. આ સભામાં સીટીંગ ધારાસભ્ય મફતલાલ પુરોહીત દ્વારા કોઈ અગમ્ય કારણોસર પત્રકારોવિરૂદ્ધ બેફામ અને કાયદાની ભાષામાં ગુનાહીત કૃત્ય કહી સકાય તેવા ગલીચ શબ્દોનો ઉપયોગ કરાયો હતો. જેનાથી સંખ્યામાં જીલ્લા ભરના પત્રકારો હાજર રહ્યા હતાં. જે બાદ મિડીયા આગેવાનોએ સર્વ સંમતીએ સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટ ધાનેરાને એક આવેદન પત્ર આપી ધાનેરાના દોષિત ભાજપી ધારાસભ્ય મફતલાલ પુરોહીત વિરૂધ્ધ કાયદા મુજબની ન્યાયીક




અગમ્ય કારણો સર મિડીયા કર્મીઓ માટે વાંધા જનક ઉચ્ચારણો કર્યા હતાં. જોકે આ ઉચ્ચારણોનો મામલો તે બાદ ભારે વિવાદીત બન્યો હતો. અને આ મામલે દોષિત ધારાસભ્ય મફતલાલ પુરોહીત વિરૂદ્ધ ન્યાય અને કાયદાની લડાઈ લડવા સમગ્ર ઉત્તર ગુજરાતના મિડીયા કર્મીઓ સંગઠીત બન્યા હતાં. જેમાં આજરોજ મિડીયા કર્મીઓએ મેજુરી સાથેની મૌન રેલી કાઢી સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ ધાનેરાને વિગતવાર આવેદનપત્ર પાઠવ્યું હતું. આ મામલે મિડીયા કર્મીઓએ જીલ્લા ભાજપ બનાસકાંઠા તેમજ પ્રદેશ ભાજપ ગુજરાત સમક્ષ ધારાસભ્યના જાહેર મંચના વાંધા જનક નિવેદનો મામલે તેઓનો ખુલાસો માંગી યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

જેની વિગતો જોઈએ તો બનાસકાંઠા જીલ્લાની ૯-ધાનેરા વિધાનસભાના સંભવિત ભાજપી ઉમેદવારો પૈકીના સીટીંગ ધારાસભ્ય મફતલાલ પુરોહીત, ડૉ. દજાભાઈ ચૌધરી તથા વસંતભાઈ પુરોહીત સહીતના ઉમેદવારો પૈકીના દાવેદારોમાં વસંતભાઈ પુરોહીતને ધાનેરા ભાજપ ઉમેદવાર તરીકે પસંદ કર્યા હતાં. જેમાં ગત ૩૦મી નવેમ્બર ૨૦૧૨ના રોજ ભાજપના ઉમેદવાર વસંતભાઈ

સમગ્ર બનાસકાંઠાના મિડીયા જગતમાં બારે રોષ ફાટી નીકળ્યો હતો. અને વિવિધ મિડીયા સંગઠનોએ આ મામલે ન્યાયની લડત ચલાવી હતી. જે બાદ આજરોજ બનાસકાંઠા સહીત ઉત્તર ગુજરાતના મિડીયા કર્મીઓ એકસંપ થઈ એકઠા થયા હતાં. અને ધાનેરાનાં રાજમાર્ગોપરથી વિરોધ પ્રદર્શન દર્શાવતી મૌન રેલી યોજી હતી. જેમાં મોટી કાર્યવાહી કરવાની માંગ કરી હતી. આ આવેદન પત્ર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ નિનામાંએ સ્વીકારી યોગ્ય કરવાની ખાત્રી આપી હતી. આ મામલે મીડીયા કર્મીઓએ જીલ્લા ભાજપ પ્રમુખ બનાસકાંઠા તેમજ પ્રદેશ ભાજપ પ્રમુખ ગુજરાત રાજ્ય સમક્ષ પણ દોષિત ધારાસભ્ય વિરૂધ્ધ કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

## હસનપુર નજીક મળેલા અજાણ્યા મૃતદેહનો ભેદ ઉકેલાયો

### જમીનની તકરારમાં હત્યા : બે ઝડપાયા

પાલનપુર, તા. ૩

બનાસકાંઠા જિલ્લામાં ગુનાખોરી મોટા પ્રમાણમાં વકરી રહી છે. ચોરી, લૂંટ, બળાત્કાર અને ખૂનની ઘટનાઓ જુદા જુદા પોલીસ દફતરે નોંધાય છે ત્યારે થોડા દિવસો પૂર્વે પાલનપુર શહેરમાં માલણ રોડ પર હસનપુર ગામના પાટીયા નજીક એક અજાણ્યા મૃતદેહ મળી આવતા સરપંચે પોલીસને જાણ કરેલ તપાસ બાદ આ મૃતદેહ ડીસા તાલુકાના ભોપણના રહેવાસી અને પાલનપુર કોર્ટના પ્રેકટીસ કરતા શંકરભાઈ બી. પ્રજાપતિનો હોવાનું અને જમીનની તકરારમાં તેમની ઠંડે કલેજે હત્યા કરાયાનું તાલુકા પોલીસની તપાસમા બહાર આવ્યું છે. પોલીસ હત્યામાં સંડોવાયેલ બે ઈસમોને ઝડપી લીધા હોવાનું આજે મોડી સાંજે પોલીસ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આ ઘાતકી હત્યાની સીલસીલાબદ્ધ વિગતો અંગે પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી વિગતો અનુસાર ડીસા તાલુકાના ભોયણ ખાતે રહેતા એડવોકેટનો વ્યવસાય કરતા શંકરભાઈ વી. પ્રજાપતિને રાત્રી દરમ્યાન બે શખ્સોએ લગ્નના દસ્તાવેજ કરાવવાનું છે. તેવું બહાનુ કાઢીને બહાર બોલાવ્યા હતા. તેમજ જીપમાં બેસાડી બહાર લઈ જનારા બે શખ્સોએ ચિત્રાસણીથી બાલારામ તરફ લઈ જઈને ગળુ દબાવી નિર્દયતાપૂર્વક હત્યા કરી મૃતદેહને માલણ નજીક લાવી વહેલી સવારે ફેંકી વકીલના ગળા પર જીપનું ટાયર ફેરવી નાસી છુટ્યા હતા.

પોલીસ સૂત્રો દ્વારા આ કેસની ઝીણવટભરી તપાસ દરમ્યાન વકીલની હત્યા જમીન અંગેની તકરારમાં થયાનું પોલીસે જણાવેલ તે અંગે હત્યાના કેસમાં સંડોવાયેલ કાળુભાઈ મંગળભાઈ ભીલ અને મેયસીંગ મગનસીંગ વાઘેલા રહે ડીસાવાળાને પોલીસે ઝડપી લીધા હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

આ ગુના અંગે વધુ તપાસ અર્થે પોલીસે આરોપીઓને કોર્ટમાં રજુ કરી વધુ તપાસ આદરી છે. આ કેસમાં મૃતક વકીલના બહેન કાન્તાબેનની ફરીયાદ અંગે પોલીસે કાર્યવાહી હાથ ધરી ગણતરીના દિવસોમાં પોલીસે એડવોકેટની હત્યાનો ભેદ ઉકેલી દીધો છે. પાલનપુરના વકીલોએ મૃતકના માનમાં એક દિવસ કોર્ટમાં બંધ પાળ્યો હતો.

### હિંમતનગરમાં ૧૮ ઉમેદવાર વચ્ચે જંગ

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર તાલુકાના વિધાનસભાની ચૂંટણી ૨૦૧૨માં કુલ ઉમેદવારી ફોર્મ ૩૮ વહેંચાયા હતા. જેમાંથી ૩૧ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. ભરેલ ફોર્મમાંથી ૪ ફોર્મ રદ થયા હતા. કુલ ૨૭ ઉમેદવારો હતા જ્યારે ફોર્મ પરત ખેંચવાની તારીખના રોજ નવ ફોર્મ પરત ખેંચવામાં આવ્યા હતા. અત્યારે હિંમતનગર તાલુકામાં ૧૮ ઉમેદવારો ચૂંટણી જંગ ખેલાશે. તેમાંથી ભાજપ-૧, ભા.રા. કોંગ્રેસ-૧, બસપા-૧, ગુ.પ.પા.-૧, સપા-૧, લોજપા-૧ અને અપક્ષો-૧૨ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હોવાનું જાણવા મળે છે. આ ચૂંટણી જંગમાં ૧૮ ઉમેદવારો ચૂંટણી જંગ ખેલાશે તેવું મનાય છે.

### ધૂપસળી ધૂણાવે આકાશ (પાના નં. ૨ નું ચાલુ)

ભલી ખુરશી, ને ભલી એની જાન. ઓ...હો...હો... ખુરશી ઉપર માખી, મચ્છર, વંદા, ગરોળીથી માંડી અજગર, એનાકોન્ડા ને હાથી - ગેંડા, વાઘ-સિંહ પણ બેસે.. શા એના પ્રતાપ! બકરી જેવી બકરી પણ બેઠા પછી બેં... બેં... ની જગ્યાએ બરાડા પાડતી કેં ગર્જના કરતી થઈ જાય. ખુરશી મચ્છર થઈ ડંખે, અજગરની જેમ ભરડો લે. એનાકોન્ડા થઈ ગળી પણ જાય. હાથીના પગ તળે કચડાઈ જવાનું પણ જોખમ, તો વળી હાથી જેવા હાથીને જવા દે. ને નસીબ સાથ ન આપે તો પૂછડું પણ ઝલાઈ જાય. પછી છુપાય તો હરિ ઈચ્છા, નહીંતર હરિને શરણ ખુરશીને ગેંડા જેવા નહીં એનાથી પણ ખતરનાક શીંગડું, હુલાવી દેતાંય ન અચકાય. વાઘ-સિંહ થઈ ગરજે ને હિંસક બને ત્યારે છે કોઈ રોકનાર? છે ને લોઢાના ચણા ચાવવા જેવી વાત! હેમ-ખેમ પાર ઉતરાય તો ગંગા નાહ્યા.

આવી વજનદાર, ભપકાવાળી, ઠસ્સાવાળી, ખુરશીમાં ભલભલાં બેઠાં ને ગયાં... છતાંય ન ભાગી તે ન જ ભાગી. અરે! ખાનગીમાં કહું છું... બે... બે... સામાનમાંથી બાર-બાર ટ્રક સામાન આ ખુરશીઓ એ ઝિલ્યો. (હાય રે કિસ્મત! કે.લાલે જાદુ કર્યા હશે?)

છેલ્લે... અબ્દુલ કલામને સલામી આપી મારી ખુરશી છોડું કે ખુશી? કહેવાય છે કે, સજ્જનો તો પારસમણિ જેવા હોય છે. તેમના ચરણસ્પર્શ તો દુર્લભ છે. પરંતુ... કલામ સાહેબની એકમાત્ર ઢોંસા બનાવવાની તવી ને એક માત્ર સુટકેશને પણ સલામ છે.